# ભિલોડામાં પોલીસ ટીમ ઉપર અંધાધૂંધ પથ્થરમારો


## બે પોલીસ કર્મીઓ ઘાયલ, પોલીસના સરકારી અને ખાનગી વાહનને નુકસાન, મામલો થાળે પાડવા જતાં ટોળું ઉશ્કેરાયું : ઘટના બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ભિલોડા દોડ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં ગત રાત્રે ટોળાએ પોલીસ ટીમ ઉપર અંધાધૂંધ પથ્થરમારો કરતાં સનસનાટી મચી હતી. કોરોનાની મહામારીમાં ટોળું એકત્ર થઈ અંદરો અંદર ઝઘડતું હોવાની જાણ થતાં સ્થાનિક પોલીસ કર્મચારીઓ વાહનો સાથે મામલો થાળે પાડવા માટે પહોંચ્યા હતા પરંતુ ટોળાએ ઓચિંતો પથ્થરમારો કરતાં બે પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા છે. ટોળાએ પોલીસના સરકારી વાહનની સાથે ખાનગી વાહનની પથ્થર મારી તોડફોડ કરતાં ૧૨ ઈસમોની અટકાયત કરી છે જ્યારે ૯ આરોપીઓ ફરાર થઈ જતાં પોલીસે કુલ-૫૦ જણના ટોળા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઘટનાની જાણ થતાં નાયબ પોલીસ અધિક્ષક બી.બી.બસીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ ભિલોડા દોડયા હતા જ્યાં બનાવની જાણકારી મેળવી પોલીસ દ્વારા ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં પોલીસની ધાક તળીયે જતાં હવે ખાખી વર્દી ઉપર હુમલાના બનાવ સ્વાભાવિક બન્યા છે. અગાઉ બુટલેગરોએ પોલીસ ઉપર હુમલો કર્યાના બનાવ પોલીસ દફતરે દર્જ થયા પછી ટોળાએ પોલીસ ઉપર જીવલેણ હુમલો કર્યાની વધુ એક ઘટના સામે આવી છે. ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં રાત્રિના સમયે બે જુથ આમને સામને આવી ગયાં હતાં સગપણ બાબતે થયેલી તકરારમાં ટોળું બેકાબુ બન્યું હોવાની જાણકારી મળતાં ભિલોડા પોલીસની ટીમ બે વાહનો સાથે નવી વસવાટ વિસ્તારમાં પહોંચી હતી જ્યાં મામલો થાળે પાડવાના પ્રયાસ સમયે ટોળું પોલીસ ટીમ ઉપર ઉશ્કેરાઈ ગયું હતું અને ૫૦ થી વધુ જણના ટોળાએ પોલીસ ઉપર હલ્લાબોલ કરી પથ્થરમારો કરતાં બે વાહનોને નુકસાન પહોંચવાની સાથે પોલીસ કર્મી રાહુલ સવજીભાઈ અને હરેશભાઈને પથ્થરોથી ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. કોરોનાકાળમાં જાહેરનામું ચાલતું હોવા છતાં બે જુથમાં ટોળું કાયદો વ્યવસ્થાના ધજાગરા ઉડાવતું હોય તેમ ગેરકાયદે ભેગા થવાની સાથે પોલીસ ઉપર જ અંધાધૂંધ પથ્થરમારો કરતાં પોલીસ ડગાઈ ગઈ હતી. પોલીસ ઉપર હુમલો થયાની જાણ થતાં પોલીસ સ્ટેશનથી અન્ય સ્ટાફ સ્થળ ઉપર દોડી આવ્યો હતો અને હુમલાખોર પૈકી ૧૨ આરોપીઓની અટકાયત કરી લોકઅપમાં ધકેલી દીધા છે. પોલીસની કાર્યવાહી દરમ્યાન ટોળામાંના ૯ આરોપીઓ ચકમો આપી ફરાર થઈ જતાં ભિલોડા પોલીસે લોકરક્ષક રાહુલ સવજીભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.






### હું પછી વાત કરૂ..કહી પી.આઈ.એ વાત કરવાનું ટાળ્યું

બાયડ : ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં બે જુથ વચ્ચે થયેલા ઝઘડો થાળે પાડવા માટે પહોંચેલી પોલીસ ઉપર ટોળાએ બેફામ પથ્થરમારો કરી બે પોલીસ કર્મચારીઓને ઘાયલ કર્યા છે. સરકારી વાહન અને ખાનગી વાહનના કાચ ટોળાએ પથ્થરો મારી તોડી નાખતાં પોલીસ અંદરખાને ડઘાઈ ગઈ છે. ભિલોડા પી.આઈ., એન.જી.વસાવાનો ટેલિફોનિક સંપર્ક કરતાં હું પછી વાત કરૂ તેમ કહી આખાય પ્રકરણ ઉપર વાત કરવાનું ટાળી દેતાં આશ્ચર્ય ઉભું થયું છે.

### ઝડપાયેલા આરોપી..

દેવરાજ અરવિંદભાઈ કોટવાળ, રહે.માલાવાવ, નવીવસવાટ, ભિલોડા
વંદન બેચરભાઈ કોટવાળ, રહે.પંડ્યાવાસ, આંબલી બજાર, ભિલોડા
જીગર સવજીભાઈ બામણીયા
જીગર બેચરભાઈ પરમાર
વિષ્ણુ ધુળાભાઈ બામણીયા
જીગર કાળુભાઈ બામણીયા
બંટી ચંદુભાઈ તરાર
સંજય રમેશભાઈ પરમાર
ભાવેશ રમણભાઈ બારીયા
નિલેષ જીગ્નેશભાઈ તરાલ
હરીશ વિનોદભાઈ પટેલ
જગદીશ સોનાભાઈ બારીયા
ભરત સવજીભાઈ મકવાણા
(તમામ રહે.માલાવાવ, નવીવસવાટ, ભિલોડા)

### ફરાર આરોપી..

પિયુષ રમેશભાઈ બામણીયા
દેવલ રમેશભાઈ ખાંટ
વિનોદ પાંડોર
મનિષ બાબુભાઈ બામણીયા
મહેશ કેશાભાઈ તરાર
ગૌતમ ભરતભાઈ મકવાણા
કૌશિક નાથાભાઈ પરમાર
અશ્વિન ડાહ્યાભાઈ મકવાણા
ભાનુબેન શૈલેષભાઈ તરાર
(તમામ રહે.માલાવાવ, નવીવસવાટ, ભિલોડા)

# સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સેવાઓની કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે નોંધ લીધી

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજ્યમાં બીજા નંબરનું એન.ક્યુ.એ.એસ. સર્ટી અપાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

મોડાસા તાલુકાના સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની તબીબી સેવાઓને ધ્યાને લઈ કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય નવીદિલ્હી દ્વારા એન.ક્યુ.એ.એસ. સર્ટીફીકેટ આપવામાં આવ્યું છે. જિલ્લામાં ધનસુરાના ભેંસાવાડા આરોગ્ય કેન્દ્ર પછી એકમાત્ર સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નક્કી કરેલા માપદંડોના આધારે આપવામાં આવતી આરોગ્યની સેવાઓને ધ્યાનમાં રાખી સારી નોંધ લેવામાં આવતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડૉ.એચ.બી.ચારણ તેમજ આરોગ્ય કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાયો છે.




કેન્દ્ર સરકાર દ્વારા એન.ક્યુ.એ.એસ.ના માપદંડોના આધારે આરોગ્યની સેવાઓને લક્ષમાં રાખી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પ્રોત્સાહીત કરવાના આશયે સર્ટીફીકેટ આપવામાં આવતાં હોય છે. મોડાસા તાલુકાના સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરના જણાવ્યા મુજબ સ્થાનિક આરોગ્યની સેવાઓની ગુણવત્તા તેમજ માળખાકીટ સુવિધાઓને ધ્યાનમાં રાખી તા.૧૬-૪-૨૦૨૧ દરમ્યાન તમામ વિભાગોમાં ૮૭.૯૬ ટકા સાથે સતત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજ્યમાં બીજા નંબરે એન.ક્યુ.એ.એસ. સર્ટીફીકેશન આપવામાં આવ્યું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આરોગ્ય લક્ષી સેવાઓ સાથે મેડીકલ ઓફીસર, સ્ટાફ નર્સ, ફાર્માસીસ્ટ વગેરેના પ્રયત્નોથી કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તેની સૂપેરે નોંધ લેતાં જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી.શ્રીમાળી, જિલ્લા ક્વોલીટી મેડીકલ ઓફીસર ડૉ.આશિષ નાયક, વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

# કોરોના, મ્યુકરમાઈકોસિસ પછી વધુ એક આફત

# સાબરકાંઠામાં કોરોના સંક્રમિત દર્દીઓમાં ગેંગરીનનાં લક્ષણો દેખાયાં, લોહી ગંઠાઈ જવાથી અંગ કાપવાં પડે તેવી સ્થિતિ

## આરોગ્ય વિભાગ મ્યુકરમાઈકોસિસની જેમ ગેંગરીનથી અજાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

કોરોનાના સંક્રમણ ઉપર હજુ અંકુશ આવ્યો નથી અને ગંભીર મ્યુકરમાઈકોસિસ રોગે આરોગ્ય વિભાગની ચિંતા વધારી છે ત્યાં સાબરકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમિત કેટલાક દર્દીઓમાં ગેંગરીનનાં લક્ષણો દેખાયાં છે. જેમાં હાથ અને પગમાં લોહી ગંઠાઈ જવાથી શરીરના અંગો કાપવાં પડે તેવી વિગતો બહાર આવી છે. જ્યારે હંમેશની જેમ આરોગ્ય વિભાગ મ્યુકરમાઈકોસિસની જેમ આ નવી આફતમાં પણ અજાણ હોવાનું બહાર આવ્યું છે. ગેંગરીનનો સમયસર ઈલાજ ન થાય તો દર્દીના શરીરના અંગ કાપવા પડે તેવી સ્થિતિ છતાં તંત્ર અંધારામાં રહ્યું છે.

કોરોનાથી મુક્ત થયા પછી મ્યુકરમાઈકોસિસ અને હવે શરીરના અંગોમાં ગેંગરીન થવાના કેસ સામે આવી રહ્યા છે. લાંબા સમય સુધી લોહી ગંઠાયેલું રહે તો દર્દીએ હાથ અને પગ ગુમાવવા પડે તેવી ચિંતાજનક સ્થિતિ આકાર લઈ રહી છે. સાબરકાંઠા જિલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણ વચ્ચે કેટલાક સંક્રમિત દર્દીઓમાં લોહી ગંઠાઈ જવાની સમસ્યા સામે આવી છે. જેમાં ગેંગરીનની અસર શરીરના જે અંગ ઉપર થાય તેના રંગમાં બદલાવ આવવા લાગ્યો છે. કેટલાક કોરોના સંક્રમિત દર્દીઓમાં આ પ્રકારે પગનો રંગ બદલાવવા લાગતાં અસરગ્રસ્તના પરિવારજનો ચિંતામાં સરી પડ્યા છે. મ્યુકરમાઈકોસિસની સારવાર માટે સમયસર ઈન્જેક્શન મળતા નથી અને તેની સારવાર અતિખર્ચાળ હોવાથી અનેક પરિવારો બેહાલ બની ગયાં છે ત્યાં હવે વધુ એક લોહી ગંઠાઈ જવાની આફત સામે આવી છે. ખાસ કરીને તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમિત દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થાય તે અગાઉ પગનો રંગ બદલાવવા લાગતાં પરિવારજનો ચોંકી ઉઠ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો લોહી ગંઠાયા પછી ગેંગરીન થયું હોવાથી સંક્રમિત દર્દીનો સમયસર સારવારના અભાવે પગ કાપવો પડે તેવી નોબત ઉભી થઈ હોવાનું બહાર આવ્યું છે.

# અરવલ્લી જિલ્લાનો પ્રિ મોન્સૂન એકશન પ્લાન તૈયાર

## તમામ તાલુકાના અને જીલ્લાનો કન્ટ્રોલ રૂમ રાઉન્ડ ધી કલોક શરૂ થશે

બાયડ તા.૨૪

પુર વાવાઝોડા તથા અન્ય જોખમો અંગેની પૂર્વ તૈયારીના ભાગરૂપે અરવલ્લી જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા પ્રિ-મોન્સૂનના આયોજન અંગેની બેઠક જિલ્લા સમાહર્તા ની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી.

જેમાં દરેક તાલુકાના તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મામલતદાર ધ્વારા ,શહેરી વિસ્તારના સીટી ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ચીફ ઓફિસર ધ્વારા અને વિલેજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ટીડીઓ ધ્વારા ઓનલાઈન અપડેટ કરવાની કામગીરી હાથ ધરવા કલેકટરે જણાવ્યું હતું. જેમાં જીલ્લા ના દરેક વિભાગોના ડીઝાસ્ટર પ્લાન તૈયાર કરવા ભાર આપ્યો હતો.

બેઠક દરમિયાન સિંચાઈ વિભાગ ધ્વારા વાયરલેસ થી દર બે કલાકે સ્થિતિ ની જાણકારી આપવા અને તાલુકાઓમાં માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ વિભાગ કોઝ વે પર ઊંડાઈ દર્શાવતા બોર્ડ મુકવા જણાવ્યું હતું. તેમણે મામલતદારોને દરેક ગામોની અગત્યના વ્યક્તિઓની સંપર્ક સૂચી તૈયાર કરવામાં અને જીલ્લા મત્સ્યઉદ્યોગ વિભાગ તાલુકા મામલતદાર ને બોટો અંગેની અધતન માહિતી પૂરી પાડવા જણાવ્યું હતું.

જિલ્લાના તમામ તાલુકાઓમાં તથા જીલ્લાનો કન્ટ્રોલ રૂમ રાઉન્ડ ધી કલોક શરૂ કરવા ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું જ્યાં નદી કિનારાના ગામો ,તરવૈયાનું લીસ્ટ ,પ્લાન ની નકલ ,સાધનો ની વિગત સહિતની તમામ માહિતી ઉપલબ્ધ હોય તે જરૂરી ગણાવ્યું હતું. અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં તાલુકા વાઈઝ નુકશાન સર્વેની ટીમો ની રચના થાય અને દરેક નગરપાલિકા ફાયર બ્રિગેડ ધ્વારા આપ્દામીત્રો ને સાથે રાખી ક્વિક રિસ્પોન્સ ટીમ બનાવાય તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. જયારે ચોમાસા પહેલા દરેક તાલુકા કક્ષાએ લાયઝન અધિકારીઓને સતર્કતા દાખવાની કામગીરી કરવા જણાવ્યું હતું. બેઠકમાં પ્રાંત અધિકારી,તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતમાં ભયંકર બફારાથી પ્રજા આકુળ વ્યાકુળ

## દિવસ-રાત ધમધમતાં ઠંડક આપતાં ઉપકરણો, બિમાર, વૃદ્ધ વ્યક્તિઓની હાલત દયાજનક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

ઉત્તર ગુજરાતમાં તાઉ-તે વાવાઝોડાની અસર પછી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. છેલ્લા ૨ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે બફારો બેકાબુ બનતાં પ્રજા આકુળ વ્યાકુળ બની છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૬ ટકા સુધી પહોંચી ગયું છે જેના કારણે બિમાર અને વૃદ્ધ વ્યક્તિઓ બફારામાં દયાજનક સ્થિતિમાં મૂકાયા છે. ૫ જિલ્લામાં વાવાઝોડું પસાર થઈ ગયા પછી અસહ્ય ઉકળાટ અનુભવાય છે જેના કારણે ઠંડક આપતા ઉપકરણો રાત-દિવસ ધમધમી રહ્યાં છે.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાતાવરણ બદલાવથી બરફના કરા સાથે છૂટો છવાયો વરસાદ વરસતાં વૈશાખ કે અષાઢ માસ ચાલી રહ્યો છે..?? તેની અસમંજસ ઉભી થઈ છે. ઉત્તર ગુજરાતમાં તાજેતરમાં વાવાઝોડાએ કમોસમી વરસાદ વરસાવવા સાથે ખેતી પાકોને નુક્સાન કરી વિદાય તો લઈ લીધી છે પરંતુ કેટલાક જિલ્લાઓમાં બફારો અસહ્ય થઈ પડ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આકાશમાંથી ગરમીના અગનગોળા વરસતાં પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ હતી પરંતુ તાઉ-તે વાવાઝોડાની અસરના કારણે તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો પરંતુ કેટલાક વિસ્તારોમાં વાવાઝોડાની સ્થિતિમાં વરસાદ વરસ્યો હતો જેના કારણે હવામાં ભેજનું પ્રમાણ વધી જતાં હવે બફારો પ્રજાજનો માટે અસહ્ય થઈ પડ્યો છે. છેલ્લા બે દિવસથી અસહ્ય ઉકળાટ અનુભવાતો હોવાથી વૃદ્ધો તેમજ બિમાર દર્દીઓની હાલત વધુ કફોડી બની છે. આકાશમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે જેથી ખેડૂતોને હજુ પણ કમોસમી માવઠાની ભીતી સતાવી રહી છે. બફારો અસહ્ય બની જતાં જનજીવન આકુળ વ્યાકુળ બની ગયું છે.

# જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર કોરોના સામે જંગ હાર્યા

## બાયડ તાલુકામાં કોરોના ૩ તબીબોને ભરખી ગયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ તાલુકામાં કોરોનાનું સંક્રમણ માંડ અંકુશમાં આવતું જણાય છે પરંતુ મૃત્યુ આંક સતત ઉંચકાઈ રહ્યો છે. તાલુકાના જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડૉ.જતિનભાઈ નવનીતલાલ શાહ કોરોનાથી સંક્રમિત થયા પછી ચાલી રહેલી સારવાર દરમ્યાન કોરોના સામે જીંદગીનો જંગ હારી જતાં તબીબ આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તાલુકામાં અત્યાર સુધીમાં કોરોના ૩ તબીબોને ભરખી ગયો છે જેમાં વધુ એક તબીબનું કોરોનાથી મોત નિપજતાં આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા કર્મીઓ સ્તબ્ધ બન્યા છે.

કોરોનાની બીજી લહેરને રોકવાના અથાગ પ્રયત્નો છતાં રાજ્યભરમાં સંક્રમણ વધુ ઘાતક બની જતાં અસંખ્ય પરિવારોમાં મોતનો માતમ છવાયો છે. કોરોનાના કહેરથી આમપ્રજા તો ઠીક પરંતુ કપરા કાળમાં પ્રજાના જનઆરોગ્યની ચિંતા કરનારા



તબીબો જ કોરોનાથી સંક્રમિત થઈ મોતને ભેટતાં કોરોનાની ભયાવહ સ્થિતિએ સૌ કોઈને હચમચાવી નાખ્યા છે. બાયડ તાલુકામાં આરોગ્ય સેવાઓ સાથે જોડાયેલા તબીબો ઉપર કોરોનાની ઘાત મંડાઈ હોય તેમ ૩ તબીબોના કોરોનાથી મોત નિપજ્યા છે જેમાં ગત રોજ તાલુકાના જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેડીકલ ઓફીસર ડૉ.જતિનભાઈ શાહ અમદાવાદમાં કોરોનાની સારવાર દરમ્યાન મોતને ભેટતાં સમગ્ર પંથકમાં માતમ છવાયો છે. કોવિડ-૧૯ની ગાઈડલાઈન અંતર્ગત મૃતક તબીબ ફરજ દરમ્યાન કોરોનાથી સંક્રમિત થયા હતા અને સ્થાનિક સારવાર લેવા છતાં સંક્રમણ હાવિ થઈ ગયું હતું જેથી મેડીકલ ઓફીસરનો તાત્કાલિક અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તબીબો દ્વારા જીવન બચાવવાના તમામ પ્રયાસો છતાં રવિવારે મેડીકલ ઓફીસર કોરોના સામે જંગ હારી જતાં જીતપુર પંથક તેમજ બાયડ-મોડાસાના વણિક સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# લક્ષ્મીપુરાના ખેતરમાંથી ધોળે દિવસે થ્રેસર ચોરાયું

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના સીમાડામાંથી ધોળે દિવસે તસ્કરો રૂા.૧ લાખની કિંમતનું થ્રેસર ચોરી પલાયન થઈ જતાં હલચલ મચી છે. ચોરાયેલું થ્રેસર શોધવા માટે સ્થાનિક પોલીસ ઉંધા માથે થઈ હોય તેવી સ્થિતિ છે. રાજસ્થાનના હનીફખાન ખતેખાન મેર ખેતી કામ માટે થ્રેસર લાવીને ખેતરમાં ગોઠવ્યું હતું પરંતુ તેમની ગેરહાજરીમાં તસ્કરો આખે આખું થ્રેસર ઉઠાવી પલાયન થઈ જતાં ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધ્યો છે. રાજસ્થાનના જેસલમેર વિસ્તારના નદુરા કી ધાણીના ખેડૂતે ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામના એક ખેડૂતના ખેતરમાં ખેતીનું કામ કરવાનું હોવાથી થ્રેસર લાવીને ખેતરમાં ગોઠવ્યું હતું જે સમયે તેમની ગેરહાજરીનો ફાયદો ઉઠાવી કોઈ તસ્કર ગત ૧૭ના રોજ ખેતરમાંથી થ્રેસર ઉઠાવી ફરાર થઈ ગયા હતા. રાજસ્થાનના ખેડૂતે ખેતરમાં ગોઠવેલું થ્રેસર ન જોતાં ધ્રાસ્કો અનુભવ્યો હતો. શોધખોળ કરવા છતાં ૧ લાખની કિંમતનું થ્રેસર મળી આવ્યું ન હતું જેથી કોઈ તસ્કરો થ્રેસર ચોરી થયાનું જણાઈ આવતાં ખેડબ્રહ્મા પોલીસમાં ફરિયાદ આપી છે.

# ગઢડાનો યુવાન મ્યુકરમાઈકોસિસમાં સપડાયો, નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પરિવારની હાલત કફોડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લી જિલ્લામાં કોરોનાના કહેરથી પ્રજાને હજુ છૂટકારો મળ્યો નથી ત્યાં મોડાસા તાલુકાના ગઢડા ગામે બારોટ પરિવારનો યુવાન ગંભીર ગણાતા મ્યુકરમાઈકોસિસ રોગના ભરડામાં સપડાતાં ફફડાટ વ્યાપ્યો છે. પેસેન્જર જીપ ચલાવી ઘરનું ગુજરાન ચલાવનાર યુવાનને જડબાના ભાગે ફંગસનાં લક્ષણો જણાઈ આવતાં તાત્કાલિક અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. રોગ ગ્રસ્ત યુવકના પરિવારની આર્થિક સ્થિતિ અગાઉથી ડામાડોળ હોવાની સાથે હવે પરિવારનું ભરણ પોષણ કરનાર ખુદ રોગમાં સપડાતાં પરિવારની હાલત કફોડી બની છે. મ્યુકરમાઈકોસિસ જીવલેણ રોગ હોવાની સાથે તેની સારવાર અતિખર્ચાળ હોવાથી બારોટ પરિવારને કોઈ સામાજીક સંસ્થાઓ મદદ કરે તેવી તાતી જરૂરીયાત ઉભી થઈ છે.

ઉત્તર ગુજરાતમાં કોરોના અને ત્યાર પછી મ્યુકરમાઈકોસિસ રોગનું સંક્રમણ બેકાબુ બનવા લાગ્યું છે. વધતા જતા મ્યુકરમાઈકોસિસના દર્દીઓથી આરોગ્ય વિભાગ ઉંધા માથે પટકાયું હોય તેવી સ્થિતિ છે. સમગ્ર રાજ્યમાં મ્યુકરમાઈકોસિસના વધતા જતા કેસ સંદર્ભે કોરોના સંક્રમિત દર્દીઓને મેડીકલ ઓક્સિજનના બદલે ઔદ્યોગિક ઓક્સિજન અપાયો હોવાના કારણે સ્થિતિ વણસી હોવાની વિગતો સામે આવ્યા પછી હવે ગ્રામ્ય વિસ્તારોમાં ફંગસના લક્ષણો સામે આવ્યા છે. મોડાસા તાલુકાના ગઢડા ગામનો અને છેલ્લા ૨૦ વર્ષથી મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ ઉપર પેસેન્જર જીપ ચલાવી ઘરનું ગુજરાન ચલાવનાર બારોટ પરિવારના યુવાનને કોરોનાના લક્ષણો જણાઈ આવ્યા પછી તેની સારવાર કરવામાં આવી હતી પરંતુ થોડાક સમય પછી જડબાના ભાગે દુઃખાવો થતાં મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખર્ચાળ સારવાર શરૂ કરી હતી પરંતુ સારવારથી કોઈ જ ફેર જણાયો ન હતો અને યુવકના જડબાના ભાગે સંક્રમણ વધુ જણાઈ આવતાં ખાનગી તબીબ દ્વારા તેને વધુ સારવાર માટે અમદાવાદ જવાની સલાહ આપવામાં આવી હતી. યુવકના મોંઢાના ભાગે મ્યુકરમાઈકોસિસના લક્ષણો જણાઈ આવ્યા પછી પરિવાર દ્વારા તેને તાત્કાલિક અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. છેલ્લા ૫ દિવસથી યુવાનને સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે પરંતુ મ્યુકરમાઈકોસિસના રોગને અંકુશમાં લે તેવા ઈન્જેક્શનોની અછતથી પરિવાર ચિંતામાં સરી પડ્યો છે. કોરોના કરતાં પણ વધુ ઝડપી સારવાર ન મળે તો ઘાતક ગણાતા મ્યુકરમાઈકોસિસની સારવાર અત્યંત ખર્ચાળ હોવાના કારણે જીપ ચલાવી ઘરનું ગુજરાન ચલાવનાર બારોટ પરિવાર આ ખર્ચાળ સારવાર ક્યાંથી ભરપાઈ કરવી..?? તેની ચિંતામાં સરી પડ્યો છે.